**<u>અમદાવાદ (ગ્રામ્ય)નાં મે. ૮માં એડી. સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક. સી.કે.રાઠોડ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મું. જુની હાઇકોર્ટ બીલ્ડીંગ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ</u>**

**ફોજદારી કેસ નં. – ૩૭૧૯/૨૦૨૪**

**ફરિયાદી – શ્રી સરકાર**

**વિ.**

**આરોપી – ગેલાભાઇ મેમણભાઇ ભરવાડ**

**ગુનો–જી.પી. એકટની કલમ–૧૩૧ મુજબ...**

–ચુકાદો–

૧. ફરિયાદી પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓ ઉપર પોતાના કબજાની લારી/વસ્તુઓ અડચણરૂપ રીતે રાખેલ હોવાનો આક્ષેપ છે.

૨. જે અન્વયે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલી છે.

૩. આરોપીએ ગુનો કબુલ કરતા હોઈ આરોપીની આર્થિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ વિગેરેને ઘ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ ના સ્ટેટ ઓફ ગુજરાત વીરુદ્ધ માં નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જિ.એલ.આર.પાના નં–૭૦૯ વાળા ચુકાદા માં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગોમા હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિધ્ધાંતને ઘ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:આખરી હુકમ:–

આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી **જી.પી.એકટની કલમ – ૧૩૧** મુજબ ના ગુનામાં કસુરવાન ઠરાવી **રૂ. ૨૦/–(અંકે રૂપિયા વીસ પુરા)** જો આરોપી દંડ ની રકમ ના ભરે તો દીન–૦૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા– ૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ.

(સી.કે.રાઠોડ)
૮માં એડી. સીવીલ જજ અને
જયુ.મે.જી.ફ.ક,અમદાવાદ (ગ્રામ્ય)